# સંદેશ

Valsad-Navsari 9 July, 2020


### શ્રમિકોને ભોજન આપવાના અભિયાનની સરાહના

# શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેરની સ્વયંસેવિકાને ધ ડાયના એવોર્ડ


। વલસાડ, ધરમપુર ।





ધરમપુરના શ્રીમદ્ રાજચંદ્ર મિશન સંચાલિત રાજચંદ્ર લવ એન્ડ કેરની સ્વયંસેવિકાને માનવસમાજની સેવાકીય પ્રવૃત્તિ માટે યુ.કે. દ્વારા અપાતા ધ ડાયના એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. મિશનની સ્વયંસેવિકાને આંતરરાષ્ટ્રીય એવોર્ડથી સન્માનિત કરાતા, મિશનના સ્વયંસેવકોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે. શ્રીમદ્ રાજચંદ્ર મિશન દ્વારા અંતરિયાળ વિસ્તારમાં રહેતા લોકો માટે આરોગ્ય અને શિક્ષણ સેવાઓ, ગ્રામ્ય વિસ્તારના લોકો માટે ચેરિટી હોસ્પિટલ સહિતની અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. મિશન સંચાલિત લવ એન્ડ કેરમાં સ્વયંસેવિકા તરીકે ફરજ બજાવતી ૨૧ વર્ષીય મીરા મહેતાને યુ.કે. દ્વારા ૯થી ૨૫ વર્ષ સુધીના, માનવીય સેવા સાથે સંકળાયેલા સેવાભાવી કાર્યકરોને એનાયત કરાતા, પ્રિન્સેસ ડાયના ઓફ વેલ્સની યાદમાં શરૂ કરાયેલા ધ ડાયના એવોર્ડથી સન્માનિત કરાયા છે.

ધ ડાયના એવોર્ડથી સન્માનિત મીરા મહેતા માત્ર ૯ વર્ષની ઉંમરથી સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાયા ગયા હતા. આ દરમિયાન, તેણીએ એક આદિવાસી બાળકને ગીફ્ટ આપી હતી. જે બાદ મિશનના ગુરુદેવ રાકેશજી દ્વારા જેઓનું ભાગ્ય નબળું છે, એવા લોકોને મદદ કરવાનું મળે તે આપણું સૌભાગ્ય હોવાની શીખ આપતા, મીરા મહેતામાં પ્રેમ અને કરુણાના બીજનું રોપણ થયું હતું. કોરોના મહામારી દરમિયાન શ્રમિકોને ભોજન આપવાના લવ એન્ડ કેર દ્વારા સર્કલ ઓફ લવ એન્ડ કેર અભિયાન, મીરા મહેતાના પ્રયાસોથી શરૂ કરવામાં આવ્યું હતું. એવોર્ડ વિજેતા મીરા મહેતાએ ભવિષ્યમાં તબીબ બનવાની મહત્ત્વાકાંક્ષા હોવાનું જણાવ્યું હતું.